# ગાંધીનગર લોકસભા બેઠકમાં ૧૯.૨૦ લાખથી વધુ મતદારો

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લા વહીવટીતંત્ર દ્વારા લોકસભા સામાન્ય ચૂંટણી મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગે આદર્શ આચારસંહિતાના અમલ માટે સુચારું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા ખૂબ જ શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે જિલ્લામાં વિવિધ ટીમોની રચના કરવામાં આવી છે. તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે પણ સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું છે, તેવું આજરોજ ગાંધીનગર ખાતે યોજાયેલ પત્રકાર બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર એસ.કે. લાંગાએ જણાવ્યું હતું.

### ટોલ ફ્રી નંબર-૧૯૫૦

આ ટોલ ફ્રી નંબર કોઈ પણ નાગરિક ફોન કરીને ચૂંટણી સંબંધિત માહિતી જેવી કે, ચૂંટણી કાર્ડ બનાવવું, તેમાં સુધારા કરાવવા, પોતાના પોલીંગ સ્ટેશનનું સ્થળ જેવી માહિતી મેળવી શકશે. તેમજ ચૂંટણી દરમ્યાન આચાર સંહિતા ભંગ અંગેની કે અન્ય કોઈ ચૂંટણી સબંધિ ફરિયાદ પણ કરી શકશે. ગાંધીનગર જિલ્લાના મતદારો જયારે આ ટોલ ફ્રી નંબર ૦૭૯ કરીને ડાયલ કરશે. ત્યારે નંબર-૧ અને ૨ એમ બે ઓપશન આવશે. જેમાંથી ૨ નંબર પસંદ કરી ગાંધીનગર જિલ્લાના મતદારો પોતાની માહિતી અને ફરિયાદ કરી શકશે.

### cVIGIL એપ્લીકેશન

ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન નાગરિકો આચારસંહિતા ભંગ અને ખર્ચ સીમા ઉલ્લંઘનની ફરિયાદ અન્વયે ફરિયાદ કરી શકે તે માટે આ એપ્લીકેશન તૈયાર કરવામાં આવી છે. આ એપ્લીકેશન ગુગલ પ્લે સ્ટોર ઉપરથી ડાઉનલોડ થઈ શકશે. આ એપ્લીકેશન દ્વારા કોઈ પણ નાગરિક પોતાનું નામ જાહેર કરીને કે કર્યા સિવાય આ એપ્લીકેશનમાં ફરિયાદ કરી શકશે. નાગરિકો પોતાના વિધાનસભા મતવિસ્તારમાં ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન આચાર સંહિતાના ભંગની ધટનાનો આ એપ્લીકેશનમાં લાઈવ ફોટો / વિડિયો રેકાર્ડ કરીને ફરિયાદ સ્વરૂપે મોકલી શકાશે.

ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર એસ.કે. લાંગાએ વધુમાં જણાવ્યું હતું કે, ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં કુલ-૭ વિધાનસભા મત વિસ્તારનો સમાવેશ થાય છે. જેમાં ૩૬-ગાંધીનગર, ૩૮-કલોલ, ૪૦-સાણંદ, ૪૧-ઘાટલોડિયા, ૪૨-વેજલપુર, ૪૫-નારાયણપુરા અને ૫૫-સાબરમતીનો વિધાનસભા મત વિસ્તારનો સમાવેશ થાય છે. ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં ૯,૯૧,૮૭૭ પુરૂષ મતદારો, ૯,૨૮,૮૮૧ સ્ત્રી મતદારો અને ૪૯ અન્ય મતદારો મળી કુલ-૧૯,૨૦,૮૦૭ મતદારો પોતાના મતાઅધિકારનો ઉપયોગ કરશે. ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં ૫૧૯ સર્વિસ વોટર્સ છે. તેમજ કુલ-૧૯૭૨ પોલીંગ સ્ટેશન છે અને ૭૦૩ પોલીંગ સ્ટેશન લોકેશન છે.



ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી એસ.કે. લાંગાએ વધુમાં જણાવ્યું હતું કે, ગાંધીનગર વિધાનસભા મત વિસ્તાર ૩૪-દહેગામ, ૩૫-ગાંધીનગર, ૩૬-ગાંધીનગર, ૩૭-માણસા અને ૩૮-કલોલ છે. આ તમામ વિધાનસભા મત વિસ્તાર અલગ-અલગ સંસદીય મત વિસ્તારમાં છે. જેમાંથી ૩૬ ગાંધીનગર અને ૩૮-કલોલ વિધાનસભા મત વિસ્તાર ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં આવે છે. ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા મત વિસ્તારમાં કુલ-૧૨,૧૪,૧૫૫ મતદારો છે. જેમાં ૬,૨૪,૨૦૨ પુરૂષ, ૫,૮૯,૯૧૬ સ્ત્રી અને ૩૭ અન્ય મતદારોનો સમાવેશ થાય છે. જેમાં કુલ-૧૩૭૯ પોલીંગ સ્ટેશન અને ૬૪૧ પોલીંગ સ્ટેશન લોકેશન તથા ૧૩૭૯ બી.એલ.ઓ. છે.

ગાંધીનગર જિલ્લામાં આદર્શ આચારસંહિતાની અમલવારી માટે ૨૦ નોડલ ઓફિસરોને ફરજ સોંપવામાં આવી છે. તેમજ ચૂંટણી ખર્ચના નિયંત્રણ માટે વિડિયો સર્વેલન્સની-૨૦ ટીમ, વિડિયો વ્યુવીંગની ૫ ટીમ, સ્ટેટીક સર્વેલન્સની ૨૦ ટીમ, ફલાઈંગ સ્કવોડની ૨૦ ટીમ અને એક એકાઉન્ટીંગ ટીમ તેમજ પેઈડ ન્યૂઝ અને મીડિયા મોનીટરીંગ માટે એમ.સી.એમ.સી. ટીમની રચના કરવામાં આવી છે. તેની સાથે ચૂંટણી પ્રક્રિયામાં સભા આયોજન, કાર્યક્રમો, પ્રિન્ટીંગ અંગે જેવી અન્ય મંજૂરી ખૂબ જ ઝડપી આપવા માટે સુવિધા નામની એપ શરૂ કરવામાં આવી છે. જેમાં ૭૨ કલાક સુધીમાં મંજૂરી આપવાની હોય છે, પરંતુ મોટા ભાગની મંજૂરી ૨૪ કલાકમાં આપી શકાય તેવી પણ સુચારું વ્યવસ્થાતંત્ર દ્વારા ગોઠવવામાં આવી છે. ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન કર્મયોગીઓની રજા મંજૂરી પણ કલેકટરની કક્ષાએથી લેવાશે. તમામ ટીમોને તેમને સંલગ્ન કામગીરીની તાલીમ પણ આપવામાં આવી છે. મતદાન મથકો પર ચૂંટણીપંચના માર્ગદર્શન મુજબની તમામ જરૂરિયાત ઉભી કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાં કુલ-૪૩ હજાર જેટલા નવા મતદારો ઉમેરાયા છે. તેમજ ૧૨ હજાર જેટલા મતદારો વિકલાંગ છે. મતદારોમાં મતદાન અંગેની જાગૃતિ લાવવા માટે સ્વીપના કાર્યક્રમની માહિતી આપતાં એસ.કે. લાંગાએ જણાવ્યું હતું કે, દરેક શૈક્ષણિક સંકુલમાં મતદાન જાગૃતિ લાવવાના કાર્યક્રમ કરવામાં આવ્યા છે. તેમજ કોલેજ કેમ્પસ એમ્બેસેડરની નિમણુંક કરવામાં આવી છે. ઈ.વી.એમ. અને વી.વી.પેટ.નું નિર્દેશન કરવામાં આવ્યું છે. 'કોઈ પણ મતદાર બાકાત ન રહી જાય' તેવા ચૂંટણી પંચના સૂત્રને સાકાર કરવાનું સુવ્યસ્થિત આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયૂર ચાવડાએ જણાવ્યું હતું કે, લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય અને આદર્શ આચારસંહિતાની અમલવારી થાય તે માટે સુયોગ્ય આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લામાં ૨૩ ચેકીંગ પોસ્ટ નક્કી કરવામાં આવી છે. તેમજ ૨૦ એફ.એસ.ટી. અને ૨૦ એસ.એસ.ટી.ની ટીમ કાર્યરત થઈ છે. તે ઉપરાંત હથિયાર પરવાના ધરાવતા ૮૨૫ હથિયાર પરવાનેદારો પાસેથી હથિયાર પરત લેવાની કાર્યવાહી ચૂંટણી આચાર સંહિતા અમલી આવી ત્યારથી શરૂ કરવામાં આવી છે. અત્યાર સુધી ૮૯ જેટલા પરવાના ધરાવતા હથિયારો જમા કરવામાં આવ્યા છે.

### આજે અડાલજની જન સંકલ્પ સભાનું વિડીયો રેકૉર્ડિંગ કરાશે

ગાંધીનગર જિલ્લાના અડાલજ નજીક કોંગ્રેસ દ્વારા યોજાયેલ જનસંકલ્પસભાનું વિડીયો રેકૉર્ડિંગ કરાશે તેમ જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારી એસ.કે. લાંગાએ જણાવ્યુ છે.

તેમણે કહ્યુ હતુ કે આચારસંહિતાનો અમલ શરૂ થઈ ગયો છે.

### ૧૮૦૦થી વધુ હોર્ડિંગ્સ ઉતારી લેવાયા

જિલ્લામાં આચાર સંહિતાનો અમલ શરૂ થઈ ગયો છે અને તેના ભાગરૂપે આજે સાંજ સુધીમાં ૧૮૦૦થી વધુ હોર્ડિંગ્સ ઉતારી લેવામાં આવ્યા છે. જે હોર્ડિંગ્સ ઉતારવામાં આવ્યા છે તેમાં ગાંધીનગર(દ)માંથી ૧૫૦૯, ગાંધીનગર (ઉ)માંથી ૨૧૩, દહેગામમાંથી ૫૪, કલોલમાંથી ૩૨ અને માણસામાંથી ૨૦નો સમાવેશ થાય છે.

ખર્ચ નિયંત્રણ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે જણાવ્યું હતું કે, સ્ટેટીક સર્વેલન્સ ટીમ અને ફલાઈંગ સ્કર્વોડ જેવી ટીમો ચૂંટણી ખર્ચ પર દેખરેખ નિયંત્રણની સૂચનાઓના આધારે કાર્યવાહી કરશે. ચૂંટણી પ્રચારની સામગ્રી સહિત અને ચૂંટણી લડતા ઉમેદવાર કે પક્ષના કાર્યકર સાથે સંબંધિત હોય તેવા વાહન સાથે જો રૂ. ૫૦ હજાર થી વધુ રોકડ અથવા ૧૦ હજાર થી વધુ મૂલ્યની ભેટ-સોંગદો મળશે તો પંચની સૂચનાનુસારની કાર્યવાહી કરવામાં આવશે. રૂપિયા ૧૦ લાખથી વધુની રકમ મળશે, તો ઈન્કમટેક્ષને જાણ કરવામાં આવશે. રોકડ સાથે યોગ્ય પુરાવા રજૂ કરવામાં આવશે, તો ટીમો દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહી.

**આદર્શ આચારસહિતાની અમલવારી માટે ગાંધીનગર જિલ્લા તંત્ર સજ્જ : ગાંધીનગર જિલ્લામાં ૨૩ સ્થળોએ ચેકીંગ પોસ્ટ ઉભી કરાઇ : આદર્શ આચારસહિંતાની અમલવારી માટે ૨૦ નોડલ અધિકારીઓની નિમણુંક**

## ગુજકેટની પરીક્ષા ચૂંટણીના પગલે હવે ૨૬ એપ્રિલે લેવાશે

ગાંધીનગર તા ૧૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુજકેટની પરીક્ષાની તારીખમાં વધુ એકવાર ફેરફાર કરવામાં આવ્યો છે. લોકસભાની ચુંટણ જાહેર થતા બોર્ડ દ્વારા આ પરીક્ષા તા ૨૩ એપ્રિલના બદલે હવે તા ૨૬ એપ્રિલના રોજ લેવાશે.લોકસભાની ચુંટણી અંગે તા ૧૦ માર્ચના રોજ જાહેર થતા આગામી તા ૨૩ મી એપ્રિલના રોજ મતદાનની પ્રકીયાન લીધે પરીક્ષા લેવાના કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

સમગ્ર પરીક્ષાના સંચાલન તેમજ વિદ્યાર્થીઓના હિતમાં ગુજરાત માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આયોજિત ગુજકેટની પરીક્ષાના કાર્યક્રમમાં ફરી એકવાર ફેરફાર કરવામાં આવ્યો છે. હવે તે પરીક્ષા તા ૨૩ એપ્રિલ મંગળવારના બદલે તા ૨૬ એપ્રિલ શુક્રવારના રોજ લેવાશે તેમ શિક્ષણ બોર્ડના નિયામક મહેશ મહેતાએ જણાવ્યુ છે.

## સાડા પાંચ મહિનાની આયુ ધરાવતુ શિશુ સ્વાઈન ફલુમાં સપડાયુ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એક સાડા પાંચ મહિનાની આયુ ધરાવતા શિશુને સ્વાઈન ફલુ પોઝીટીવ આવતાં આરોગ્યતંત્રમાં સોંપો પડી જવા પામ્યો છે.

જિલ્લામાં સ્વાઈન ફલુ પોઝીટીવના બે દર્દી મળી આવ્યા છે. આ સાડા પાંચ મહિનાનું શિશુ ઉપરાંત એક ૬૧ વર્ષીય વૃદ્ધનો સમાવેશ થાય છે. આ સાથે આ સિઝનમાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા ૩૭ પર પહોંચી છે.

આજે નોંધાયેલા બન્ને કેસ દહેગામ તાલુકાના છે. સાડા પાંચ મહિનાની આયુ ધરાવતુ શિશુ દહેગામ તાલુકાના અંગુથલાનુ છે. જેને સારવાર માટે હોસ્પિટલમાં રાખવામાં આવેલ છે જયારે દહેગામ શહેરમાંથી ૬૧ વર્ષીય વૃદ્ધને સ્વાઈન ફલુ પોઝીટીવ આવતાં તેમને પણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે જિલ્લામાં નોંધાયેલ કેસો પૈકી ૩૩ દર્દી સંપૂર્ણ રોગમુક્ત થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. હાલ જિલ્લાના ૪ દર્દી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

જિલ્લાતંત્ર દ્વારા મળેલા દર્દીઓના ઘરની આસપાસના વિસ્તારમાં સઘન સર્વેલન્સના આદેશો જારી કરવામાં આવ્યા છે. તંત્ર દ્વારા ગઈકાલે પલ્સ પોલિયો અભિયાન દરમ્યાન સ્વાઈન ફલુથી બચવા શું કરશો તેની જાગૃતિ માટે પત્રિકાઓ પણ કેટલાક બુથો પર વિતરણ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.


જિલ્લામાં હાલ બેવડી ઋતુ ચાલી રહી હોવાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે. જોકે તમામ તબીબી અધિકારીઓને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા માટેની તાકીદ કરી દેવામાં આવી છે.

છેલ્લી બે વિડીયો કોન્ફરન્સમાં પણ રાજયના આરોગ્યતંત્રએ સ્વાઈન ફલુને લઈ પુરેપુરી સતર્કતા દાખવવા તંત્રને કડક તાકીદ કરી છે તેમજ જિલ્લાઓમાં પ્રવર્તતી સ્થિતિની સમીક્ષા પણ કરી હતી.



SUPERB BRIDAL DESIGN
* Customized to any size * Total Handwork
* Any colour possible * Order Time : 45 days
* Ready stock also available
SUPERB DESIGNER BLOUSES
KALPANA'S™ Creations
9 Colors of Grace, Style and Fashion
www.kalpanascreations.com
www.facebook.com/kalpanascreations
9A, Shilp Aaron, Opposite Maruti Nandan - Armeida, Between 1944 Havmor and Hotel Grand Elegance, Near Pakvan Char Rasta, Bodakdev, Ahmedabad-380054.
See our collection online by Video Calling with appointment on 91-9724132749 or 91-6351429149. We have online measurement form + Youtube Video Tutorial to help online clients get good fitting. We ship Worldwide.
કલ્પના ક્રીએશન્સમાં અમદાવાદનું સુપર્બ કોટન કલેક્શન ચાલી રહ્યું છે અને આપ ક્યાં રહી ગયા ?
કોટન કુર્તી, ડ્રેસ મટીરીયલ્સ, પેન્ટ, પલાઝો, દુપટ્ટા, વિ.
SPECIAL DISCOUNT OFFER TO MEMBERS OF GANDHINAGAR CULTURAL FORUM

VED INTEGRATED CAMPUS
NEET / GUJCET / JEE
VED INTEGRATED CAMPUS, SARGASAN
+91 90678 08593
+91 840 148 1007 , +91 91730 20941
VED INTERNATIONAL SCHOOL, VIHAR
M. - +91 97246 64444, +91 97255 93333
કામેશ્વર વિદ્યામંદિર
KVM INTERNATIONAL SCHOOL, AHMEDABAD
M. - 079 26930405, 99788 33568
ARADHANA VIDYAVIHAR , GANDHINAGAR (ENG. MED.)
M. - 079 23210486 , 99784-13298




Ved Campus, Opp. Aaska Hospital, Sargasan, Gandhinagar
vedinternational2012@gmail.com / www.vedschool.com
+91 90678 08593, PH.+91 840 148 1007, +91 91730 20941
→ Canteen Facility
→ Transportation Facility
→ Boys & Girls Hostel